વૈવિધ્ય

# સ્ક્રીનથી બનાવો બાલ્કનીને કોઝી એરિયા



શહેરીકરણનો જેમ જેમ વિકાસ થાય છે તેમ તેમ એપાર્ટમેન્ટની ડીમાન્ડ વધતી જાય છે. ફલેટમાં મોટાભાગે  એક નાની કે મોટી સુંદર બાલ્કની આપી હોય છે.  અને તેમાં સાથે બેસીને ગરમાગરમ ચા કે કોફી પીવાની અને બહારનો નજારો માણવાની સગવડ હોય તો વાત જ શી પૂછવી? ખરેખર આપણને બધાંને બાલ્કનીમાં બેસવાનું તો ગમતું હોય છે. બાલ્કની જો મોટી હોય તો ક્યારેક તેમાં નાની કિટીપાર્ટીનું આયોજન પણ કરતા હોઈએ છીએ પરંતુ આ બધાંમાં ક્યારેક બાલ્કનીમાં પ્રાઈવસીનો અભાવ લાગતો હોય છે. આપણી પ્રાઈવસી જળવાયેલી રહે અને સાથે કુદરત સાથે પણ જોડાણ બની રહે તે માટે  સ્ક્રીનનો ઉપયોગ બાલ્કનીમાં કરી શકાય. બાલ્કનીમાં ફક્ત રેલીંગમાં નવીનતા લાવીને તેને આકર્ષક લુક આપી શકાય અને સાથે તેનો એક પ્રાઈવેટ સ્પેસ તરીકે પણ ઉપયોગ કરી શકાય. તમે તમારી જરૂરિયાત અને પસંદગી પ્રમાણે બાલ્કની માટે જેતે સ્ક્રીનનો ઉપયોગ કરી શકો છો.

## વાંસનો સ્ક્રીન

બાલ્કનીની રેલીંગ પર વાંસની પેનલ લગાવવાથી તેને નેચરલ લુક આપી શકાય છે અને વાંસને કારણે તાજી હવા પણ મળતી રહે છે. પ્રાકૃતિક વાંસ પર્યાવરણને અનુકૂળ અને બજેટ ફ્રેન્ડલી વિકલ્પ છે. તેને લાંબો સમય સુધી પાણીના સંપર્કમાં રાખી શકાતું નથી. આ માટે તેના પર સારી ગુણવત્તાનું પોલીશ કરવું અનિવાર્ય બને છે.

## લાકડાની સ્લેટ પેનલ

લાકડાની સ્લેટ પેનલ આડી અને ઊભી એમ બંને ડીઝાઈનમાં મળે છે, જે બાલ્કનીને પ્રાઈવેટ લુક આપવામાં મદદ કરે છે. જો તમારી ઓફિસ કે ઘરની બાલ્કનીમાં સીધો સૂર્યપ્રકાશ આવતો હોય તો આ પ્રકારની સ્લેટ પેનલ ઉપયોગી થઈ પડે છે. તે સીધો અને ઉગ્ર સૂર્યપ્રકાશ આવતા અટકાવે છે અને હવાની અવરજવર પણ અવરોધતી નથી. મોડર્ન લુક આપવા માટે લાકડાની સ્લેટ પેનલનો ઉપયોગ એક સારો વિકલ્પ બની રહે છે.



## વેલની કુદરતી દીવાલ

બાલ્કનીમાં કુદરતી વાતાવરણ જેને ગમે છે અને ગાર્ડનીંગનો જેઓ શોખ રાખે છે તેઓ આ પ્રકારની વેલની કુદરતી દીવાલ ઊભી કરી શકે છે. તેના માટે રેલીંગની જગ્યા પર લાકડાની કે પ્લાસ્ટિકની જાળી લગાવી શકાય કે પછી દીવાલ પર હુક લગાડીને તેની સાથે નાયલોનની મજબૂત દોરી બાંધી શકાય જેથી વેલ સરળતાથી વિકસી શકે. નીચે કૂંડામાં મોર્નીંગ ગ્લોરી, મધુમાલતી, બોગનવેલ, અપરાજિતા કે પછી મની પ્લાન્ટ જેવી વેલ ઉગાડી શકાય. રંગીન ફૂલોને કારણે બાલ્કની સુંદર દેખાશે અને સાથે સાથે કુદરતી ઠંડક પણ મળશે.

## રીડ [ઘાસ] રોલ અને બામ્બુ રોલ

બાલ્કનીને સીધા સૂર્યપ્રકાશથી અને વરસાદથી બચાવવા માટે અને પ્રાઈવસી લાવવા માટે રીડ રોલ અથવા બામ્બુ રોલનો ઉપયોગ કરી શકાય. રીડ રોલ વજનમાં હલ્કા, સરળતાથી લાગી શકે તેવા અને સૂર્યપ્રકાશ રોકવામાં સારા હોય છે. તે બજેટ ફ્રેન્ડલી રહે છે પરંતુ ભારે વરસાદ અને પવનમાં તે ટકી શકતા નથી. પાતળી વાંસની પટ્ટીઓથી બનાવેલા બામ્બુ રોલ વજનમાં રીડ રોલ કરતાં થોડા ભારે, ટકાઉ, મજબૂત અને વોટરપ્રૂફ હોય છે. તે ભારે વરસાદ અને પવનમાં ટકી શકે છે અને પ્રાઈવસી પણ પૂરી મળી રહે છે. જરૂરત ન હોય ત્યારે તમે તેને રોલ કરીને ઉપર વાળી પણ શકો છો. આમ તેનો તમે તમારી જરૂરિયાત પ્રમાણે ઉપયોગ કરી શકો છો.

## વોટર પ્રૂફ પડદા અને સ્ક્રીન

સીધો સૂર્યપ્રકાશ, હળવો વરસાદ અને ધૂળથી બચવા માટે ભારી પોલીએસ્ટર, PVC કે વિનાઈલના બનેલા પડદા બાલ્કનીને પ્રાઈવસી પ્રદાન કરે છે. તે વોટરપ્રૂફ હોવાથી પાણીને અંદર આવવા દેતા નથી અને તેને સાફ પણ સરળતાથી કરી શકાય છે. આ સિવાય, ફાઈબરગ્લાસ કે સોલાર મેશ ફેબ્રિકના સ્ક્રીન પણ મૂકી  શકાય છે . બાલ્કનીને તે આધુનિક લુક આપે છે . ભારે પવન અને વરસાદની સામે પણ તે ટકી શકે છે .

## લેસર કટ મેટલ રેલીંગ

આ રેલીંગની ડીઝાઈન જ એ રીતની છે કે તેમાંથી પ્રાઈવસી આપોઆપ મળી જ રહે છે. તેમાં મેટલ શીટને ફલોરલ કે ભૌમિતિક  ડીઝાઈનમાં કાપવામાં આવેલી હોય છે અથવા તો તમે તમારી મનપસંદ ડીઝાઈન પણ પસંદ કરી શકો છો. તેનાથી તમારા ઘરને સ્ટાઈલ અને પ્રાઈવસી બંને પ્રદાન થશે.  મેટલમાં ડીઝાઈન હોવાથી તે સીધા સૂર્યપ્રકાશને પણ રોકે છે અને બાલ્કનીને અંગત એરિયા બનાવવામાં મદદરૂપ થાય છે.